सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૩ ઓક્ટોબર - ૨૦૦૩ અંક ૨

## વાલીઓને .......

### શિક્ષણમાં ગુણવત્તા સુધારણા

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી શિક્ષણનાં ક્ષેત્રમાં આનંદપ્રદ ઘટનાનો અનુભવ થાય છે.

આજ સુધી આપણે એમ માનતા આવ્યા છીએ કે કોઈ એક જગ્યા માટે તે વ્યક્તિની પસંદગી થાય એટલે તે ક્ષેત્રમાં બીજું કંઈ જાણવાની જરૂરિયાત જાણે કે તેને માટે રહેતી નથી, સિવાય કે તેના પ્રમોશન વગેરેની બાબતો સંકળાયેલી હોય .

છેલ્લા કેટલાક સમયથી જુદા-જુદા તબક્કાઓમાં શિક્ષણનાં જુદા-જુદા વર્ગોને ગુણવત્તા સુધારણા માટે જે રીતે જોતરવામાં આવે છે તે ખરેખર ઘણું વહેલું થવું જોઈતું હતું. આધુનિક ગણિતનો દાખલો મોજૂદ છે. આ માટેના ખાસ વર્ગો ચાલ્યા પણ તે માટે શિક્ષકો ક્ષમતાવાળા બની શકયા ન હતા તેવો અનુભવ થયો હતો. છેવટે જ્યારે ખરેખર ભણાવવાની પરિસ્થિતિ આવી ત્યારે તે ભણાવી શકે તેટલો જ શ્રમ તેઓએ કર્યો તેવો અનુભવ છે.

આજે વિશ્વ અત્યંત ગતિથી આગળ વધી રહયું છે અને તેની સાથે તાલ ન મેળવનાર સમાજ અવશ્ય પાછો પડે તે હકીકત છે. એવે સમયે બીનશૈક્ષણિક કર્મચારીઓ , શિક્ષકો, આચાર્ય, સંચાલકો તે બધાને આગળ વધેલા વિશ્વની અને તેની માહિતીનો પરિચય થાય તેવા ગુણવત્તા સુધારણામાં ત્રણ-ચાર દિવસનો કેમ્પ રાખીને સફળ પ્રયોગ કરવામાં આવે છે તેની નોંધ લેતાં આનંદ થાય છે. પહેલાના સમયમાં જ્યારે રીફ્રેશર કોર્સ યોજાતાં ત્યારે તેમાંની હાજરી, કેટલી તૈયારી કરી છે તેવી પરીક્ષા આપવાનું, એ બધામાં ખાસ ઉત્સાહનું વલણ જણાતું ન હતું પરંતુ તાજેતરનાં પ્રયોગો ખૂબ સફળ થયા હોઈ તેની નોંધ લેતા એટલા માટે આનંદ થાય છે કે જે આચાર્યો ત્રણ-ચાર દિવસની તાલીમ લઈ આવ્યા તેમની સાથે વાતચીત કરતાં તેમનો ઉત્સાહ નજરે ચઢતો હતો અને ખૂબ જાણવા મળ્યું તેવો સંતોષ વ્યક્ત થતો હતો, તે જ રીતે અન્ય કર્મચારીઓના પ્રતિભાવો આનંદપ્રદ મળ્યા.

હકીકતમાં વર્ષોવર્ષ આવી તાલીમ અને જ્ઞાનની ચકાસણી થતી રહેવી જોઈએ.

શિક્ષણમાં કામ કરતા સૌ માટે માત્ર યુનિવર્સિટીની ડિગ્રી પર્યાપ્ત ન ગણવી જોઈએ અને વિશ્વના જે નવા આવકારદાયક પ્રવાહો આવે તેનું જ્ઞાન મેળવતા રહેવું જોઈએ,આ ખૂબ જરૂરી છે. એટલું જ નહિ પરંતુ શિક્ષકોની વિષયો પરત્વેની ક્ષમતા બાબત પરીક્ષા દ્વારા વર્ષોવર્ષ ચકાસણી થવી જોઈએ અને તેમાં યોગ્ય જણાય તો જ પગારવધારો મેળવવા માટે તેઓ લાયક ગણાવા જોઈએ. આ પણ ખૂબ જરૂરી છે. કારણકે અનેક ક્ષેત્રોમાં જે નવું જ્ઞાન આવે છે તેનાથી શિક્ષકો અપરિચિત રહે તેવું ન જ બનવું જોઈએ.

આજે કોમ્પ્યુટર જેવા વિષયોમાં વિદ્યાર્થીઓ જે જ્ઞાન મેળવે છે એટલું જ્ઞાન કોઈપણ શિક્ષકનું જરૂરી ગણાવું જોઈએ. એ જ રીતે જે તે વિષયના શિક્ષકો તેમના વિષયની અંદર જે કંઈ સંશોધનો થયા હોય તેનાથી પરિચિત રહેવા જ જોઈએ. શિક્ષણની સારી ગુણવત્તા માટે આ જરૂરી છે.

હવે તા.૪થી નવેમ્બરથી સંચાલકો માટેના ત્રણ દિવસના કેમ્પનું આયોજન છે. આ કેમ્પ જુદાં પ્રકારનો રહેશે એવું અનુમાન થાય છે કારણકે સંચાલક તરીકે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે જેમના શૈક્ષણિક ચુકાદાઓએ આ ક્ષેત્રને અસરકારક રીતે પ્રભાવિત કર્યા છે. તેમનાથી માંડીને જેમને સહી કરતા પણ માંડમાંડ આવડે છે તેવી વ્યક્તિઓ સંચાલક તરીકે હશે. જેમને શિક્ષણ વિશે સ્પષ્ટ સંકલ્પના નહિ હોય તેવા પણ હશે, અને જેમણે આ ક્ષેત્રમાં શિક્ષક તરીકે, આચાર્ય તરીકે , વહીવટીકર્તા તરીકે આ કામનો અનુભવ મેળવ્યો હશે તેવા આ ક્ષેત્રમાં ૫૫ વર્ષના અનુભવવાળા પણ હશે.જેમણે ગ્રામવિસ્તારોમાં સમાજસેવાની ભાવનાથી આ કાર્ય આદર્શ રીતે કર્યું હશે તેઓ પણ હશે, અને જેમણે આ ક્ષેત્રને માત્ર વેપાર સમજીને સંચાલક બન્યા હશે તેવા પણ હશે.આમ છતાં આવો કેમ્પ પરસ્પરના અનુભવો લેવા માટે એક સુંદર માધ્યમ બની શકે તેવી આશાસ્પદ શક્યતાઓ તેમાં રહેલી છે,એ જ રીતે આનું સંચાલન કરનારની જવાબદારી વધી જશે.

આવો એકાદ વર્ગ વાલીઓ માટે પણ થઈ શકે તેની શક્યતાનો વિચાર કરવો જોઈએ. અલબત્ત તે પણ સંચાલકના કેમ્પની માફક વિસ્તૃત પટનાં સભ્યનો બનેલો હશે. આ પ્રકારના પ્રયોગોને સફળતા ઈચ્છતા આનંદ થાય છે.

ઈન્દુભાઈ ના વંદન

### સ્મૃતિચિત્રો

એક દિવસ મારી ઓફિસમાં એક ભાઈ આવ્યા અને મને કહ્યું કે કામા સાહેબની ઈચ્છા છે કે ૨૦,૦૦૦/- રૂ. આ સંસ્થાને આપવા. પરંતુ તેઓની પરિસ્થિતિ જોતાં આ રકમ રોકડેથી જ આપવી શક્ય છે તેવું જણાવ્યું અને તેમની માંદગી વિશે વિગતવાર વાત કરી અને 'શારદામંદિરના એક વખત દાન પ્રસંગે તેઓ આ રકમ ન આપી શકયા તો આજે તેમની તે આપવા માટે પ્રબળ ઈચ્છા છે'. મેં મંત્રીશ્રીઓને ફોન કરીને પૂછ્યું કે આવી પરિસ્થિતિમાં રોકડ દાન લેવું કે કેમ ? પરિસ્થિતિ ઉપર વિચાર કરીને તેમણે હા પાડી અને આવનાર ભાઈ ખુશ થઈ ગયા અને બીજે દિવસે તા.૧૯-૧૨-૯૧ના રોજ ૨૦,૦૦૦/- રૂ. રોકડા સંસ્થાને આપી ગયા અને આભાર માન્યો. પારસી કોમની ઉદારતાનો અને નમ્રતાનો અત્યંત માર્મિક સ્પર્શ થયો અને સંસ્થા ગૌરવવંત હોવાનો અહેસાસ પણ થયો.

આ વાતના અનુસંધાનમાં તા.૧૪-૧૨-૯૨નાં રોજ મળેલી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં આ બાબતમાં તેમનો આભાર માન્યો,ત્યારબાદ બેએક દિવસે તેઓ અવસાન પામ્યા તે જાણ્યું અને એમણે સંસ્થા પ્રત્યેનાં ઋણ અદા કર્યાનો કેવો સંતોષ થયો હશે તે વિચારે તેમને ભાવભરી શ્રધ્ધાંજલિ આપી.

(ઉપરનું સ્મૃતિચિત્ર સ્વ.માનનીયશ્રી નરીમાનભાઈ જે.કામાના સંદર્ભમાં છે.)

ઈન્દુભાઈ ના વંદન

## પરીક્ષા - બાળકને માથે માનસિક અત્યાચાર

'અરે ! આજે આ સ્કુલમાં આટલી બધી ભીડ કેમ છે ? શું થયું હશે!'.. હજી તો હું એમ વિચારતી સ્કુલમાં પ્રવેશું છું ત્યાં તો ચારેબાજુ વાલીઓનાં ટોળાં, નાનાં નાનાં બાળકોને તેમની મમ્મીઓ એક પછી એક સુચનાઓ આપી રહી હતી, 'જોજે સારા અક્ષર કાઢજે', 'ઉઠી જવાની ઉતાવળ ન કરીશ ', 'રમતરોળિયા ન કરીશ..''ધ્યાન રાખીને લખજે' , 'કશું રહી ન જાય', અને બાળક કયાંક એ બધું સાંભળ્યું ન સાંભળ્યું કરી ડોક હલાવ્યે જતું હતું તો કયાંક વળી એકદમ ચિંતાતૂર થઈ જતું હતું.

હજી તો પેપર શરૂ થયે માંડ પંદર વીસ મીનીટ થઈ હશે ને નિમિષા આવી, 'બેન મને ઉલ્ટી થાય છે, મમ્મીને ફોન કરો ને ! '

'કેમ બેટા એવું થયું ? બહુ ખાધું હતું ? '

'ના, હું તો જમી જ નથી.. મને ઉબકા આવતાં હતાં..' પાંચમા ધોરણમાં ભણતી નિમિષા.. એના ઉપર પરીક્ષાની આવી અસર ! હું તો ધ્રુજી ઉઠી... આ શું થઈ રહ્યું છે ! છેલ્લા કેટલાક સમયથી બાળમનોચિકિત્સકોને મોઢે સાંભળતી હતી કે 'આજકાલ છોકરાંઓ સાઈકોસોમેટીક રોગોનાં ભોગ બની રહયાં છે, કોઈને માથું દુઃખે છે, કોઈને પેટમાં દુઃખે છે, ઉલ્ટીઓ થાય છે, ધ્રુજારી થાય છે, શ્વાસ ચઢે છે, ગભરામણ થાય છે...' અરે ! બાળકોને નિજાનંદની મસ્તીમાં મહાલવાનાં દિવસો હોય ત્યારે બાળકોને માથે આવો માનસિક અત્યાચાર !

અરે! પેલી રૂચિતા લગભગ દોઢેક કલાક થયો હશે, પેપરને પૂરું થવાને માંડ અડધો કલાક બાકી હશે ને શિક્ષક તેને લઈને આવ્યાં. ખાસ્સાં મજાનાં કાગળો પર લખેલા જવાબો સાથે લાવેલી તેમાંથી પેપરમાં ઉતારો કરતી હતી, અને પેલો નંદિત ! ગુજરાતીની ચોપડીમાંથી સીધેસીધાં બે પાનાં જ ફાડીને કંપાસમાં લઈ આવ્યો હતો, મુખપાઠની કવિતા તેમાંથી જ પૂછાઈ હતી આ બધું શું થઈ રહ્યું છે ! હું મૂંઝાઈ ગઈ આનું કરવું શું ?

'પણ કરે શું ? પછી માર્કસ્ ઓછાં આવે તો બહાર મોઢું શું દેખાડે? ' એની મમ્મી દલીલ કરે છે, અને તે ય પાછું ઓછું હોય તેમ પાછાં હજી બે જ કલાકનું પેપર લખી બાળક રીસેસમાં માંડ હાશ કરીને બહાર આવે ત્યાં તો મા હાજર જ હોય, લાવ તારું પેપર, શું લખ્યું છે ? કેટલા માર્કસ્ આવશે ગણી તો લઈએ... લે દૂધ પી લે, સવારે પૂરું જમી પણ નથી, અને થોડું ખાઈ લે, હજી તો એ દૂધનો ગ્લાસ પૂરો કરી માંડ બે ચાર ચમચી નાસ્તો મોંમા મૂકે ત્યાં તો પાછું પોપટની જેમ ગોખેલું પૂછવાનું શરૂ થઈ જાય.. છોકરું તે શું ચાવીવાળું રમકડું છે ? એને જરાય હળવાશ ન જોઈએ ! માર્કસ્ પાછળ આ કેવી ઘેલછા ! એક બાજુ ખવડાવી પીવડાવી પંપાળતા જાય ને બીજી બાજુ પરીક્ષાનો હાઉ મગજમાં ઉભો કરી ટેન્શન વધારતા જાય... અને એટલે જ મને થાય છે કે આના કરતાં તો સરપ્રાઈસ ટેસ્ટ જ શું ખોટો ? બાળક અને મા કોઈને ય પરીક્ષાનું ટેન્શન તો નહીં. રોજેરોજ નિયમીત અભ્યાસ કર્યો હશે અને બરાબર અધ્યયન કર્યું હશે તો માર્કસ્ આપોઆપ આવવાનાં જ છે, પરીક્ષા એ જ્ઞાન કેટલું absorb થયું છે તેની ચકાસણી છે, છેલ્લી વખતની ગોખણપટ્ટીની કંઈ ઓછી જ ચકાસણી છે ? અને આમે ય પરીક્ષાનાં માર્કસ્ એ જ માત્ર બાળકની હોંશિયારી માપવાની પરાશીશી નથી જ, પરીક્ષા તો સાધન માત્ર છે એને સાધ્ય બનાવી દઈ આપણે બાળક માથે કેવો માનસિક અત્યાચાર આચરી રહ્યાં છીએ ! બાળકોમાં પરીક્ષાનો હાઉ ઉભો કરવામાં આપણે ખૂબ જ જવાબદાર છીએ એમને આપણે કયાં સુધી પાંગળા બનાવીશું? શિક્ષણમાં પરીક્ષા અનિવાર્ય પરિસ્થિતિ છે, તેનો સામનો કરતાં કે તેની તરફ સાહજીક વલણ કેળવતાં બાળકને નહીં શીખવીએ તો એ બાળક કેટલુંક ખમી શકશે ? આપણે જ એના વિકાસમાં અવરોધક નથી બનતા !

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલવાડીનાં બાળકોને આ સત્રમાં માંકડાનો ખેલ અને કઠપૂતળીનો ખેલ બતાવવામાં આવ્યાં. બાળકો એમાં તન્મય થઈ ગયાં અને ખૂબ મઝા માણી.

હવે બાળકોએ ઈન્દ્રીયશિક્ષણના સાધનો , જીવનવ્યવહાર અને મુક્ત વ્યવસાયનાં સાધનો વડે રમવામાં ઘણી સ્થિરતા કેળવી છે. પહેલી, બીજી અને ત્રીજી ટુકડીનાં નાના નાનાં બાળકો જીવનવ્યવહારનાં ઓરડામાં દળવાનું, ચાળવાનું , ખાંડવાનું શીશામાં પાણી ભરવાનું અનાજ છૂટું પાડવાનું , ઘઉં વીણવાનું, શીશીમાં મેથી ભરવાનું વિગેરે પ્રવૃત્તિઓ આનંદભેર કરી રહયાં છે. એનાથી તેમનાં હાથના સ્નાયુઓ સારાં કેળવાતાં જાય છે. આ સાધનો ઉપર રમવાથી તેમનામાં એકાગ્રતા, સ્વચ્છતા અને સ્થિરતા કેળવાતાં જાય છે.

બાળકો વાર્તા,નાટક,પપેટ શો વગેરે પ્રવૃત્તિઓ એકાગ્રતાપૂર્વક આનંદથી માણી રહયાં છે.

માટીકામ, મોતીકામ, ચિત્રકામ, બૂટલેશ, કોડી બિયાં દ્વારા ઉદ્યોગોની પ્રવૃત્તિમાં બાળકો રસપૂર્વક અને એકાગ્રતાથી ભાગ લઈ રહયાં છે.

સંગીતમાં રાસ, ગરબા અને અવનવા બાળગીતો ગાઈ સંગીતનો આસ્વાદ માણી રહયાં છે.

હવે દિવાળીની રજાઓ આવે છે બાળકને એ દરમ્યાન વાર્તા, પ્રવાસ અને પ્રવૃત્તિઓનું વાતાવરણ આપતાં રહેશો, જેથી તે ખીલતું રહે.

## બાલમંદિર

તા.૨-૮-૦૩નાં રોજ શાળાનો ૮૦મો સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાયો. તાલીમનાં બાળકો બાલરથી બનીને આવી પહોંચ્યા. અતિથિવિશેષ તરીકે પધારેલ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને હાલ વાલી શ્રી સેજલબેન રાવલે ભાવપૂર્વક કુંકુમ તિલક કરી બાળકોનું પૂજન કર્યું, તેમનું મોં મીઠું કરાવ્યું અને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ 'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી ' ઠંડા આહ્લાદક વાતાવરણમાં રજૂ થયેલ આ ભાવનૃત્ય નાનકડી બેનોએ ખૂબ સુંદર રીતે રજૂ કર્યું .ત્યારબાદ ગરબો અને છેલ્લે બાળકોએ હાથમાં રંગબેરંગી ધજા અને ફૂગ્ગા લઈને 'ચલો ચલો ચલો શારદમાના બાળ' કૂચની સુંદર જમાવટ કરી. છેલ્લે સૌ પ્રસાદ લઈને છૂટા પડયાં. સ્થાપનાદિનનાં બીજા દિવસે બાળકોને સ્થાપનાદિન નિમિત્તે શીરો અને શાકનો નાસ્તો આપવામાં આવ્યો. બાળકોએ તે હોંશેહોંશે ખાધો.

તા.૧૧-૮-૦૩ને શનીવારે બાળકોએ રક્ષાબંધનનું પર્વ ઉજવ્યું. બાળકોને બલિરાજાની વાર્તા કહેવામાં આવી.રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું. બાળકોને ઉત્સવો ઉજવવા ખૂબ ગમે છે, તેમને તેમાંથી સંસ્કારનો વારસો મળે છે.

તા.૧૯-૮-૦૩ને મંગળવારે બાળકોએ જન્માષ્ટમી નિમિત્તે શ્રીકૃષ્ણનાં જીવનપ્રસંગો નૃત્યનાટિકા દ્વારા રજૂ કર્યાં. આટલાં નાના બાળકોનાં છટાદાર સંવાદો, ભાવભર્યો અદ્‌ભૂત અભિનય, એમાં તન્મયતા, રાસ, ગરબા, માખણચોર, જળકમળ, ગોકુળમાં દિવાળી, બધાં જ પ્રસંગોની રજૂઆત એવી અદ્‌ભૂત હતી કે આખોય કાર્યક્રમ એક સંભારણું બની ગયો. ભાવવાહી, સુમધુર અને તાલબધ્ધ સંગીત અને છટાદાર સંવાદો જાણે સોનામાં સુગંધ ભળે તેમ દીપી ઉઠયાં.

તા.૬-૯-૦૩ને શનીવારે અને ૧૩-૯-૦૩ને શનીવારે બાલમંદિર બ વિભાગ અને તાલીમનાં બાળકો લૉ-ગાર્ડન ફરી આવ્યાં.

તા.૧૬-૯-૦૩ને મંગળવારે અને ૧૮-૯-૦૩ને ગુરુવારે બાલમંદિર બ વિભાગ અને તાલીમનાં બાળકો ગાંધીનગરનાં પ્રવાસે જઈ આવ્યા બાળકોનો ઉત્સાહ અદ્‌ભૂત હતો. જલેબી, ગાંઠિયા, શીરો બટાટાનું શાક, દાળ,ભાત,કચુંબર હોશેં હોંશે ખાધા.

તા.૨૭-૯-૦૩નાં રોજ બાલમંદિરમાં નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. બધાં જ બાળકોને ગરબે ઘૂમવાની તક આપવામાં આવી. રંગબેરંગી ચણિયાચોળી અને ઓઢણી, માથામાં ફૂલગજરા અને ભાઈઓ ચૂડીદાર ઝભ્ભો અને કમરપટ્ટામાં ગરબાનાં આબેહૂબ ખેલૈયા જેવા લાગતાં હતાં. દાંડિયા લઈ સૌ મુક્તમને રાસ ગરબામાં મહાલ્યાં. માથે જવારા , માંડવી વિગેરે મૂકી નાની નાની બાળાઓએ પણ અદ્‌ભૂત કાર્યક્રમ રજૂ કર્યો. ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી જ મળે છે. એમના પગની ઠેસ ઝૂલકમય ગરબો અને ગ્રેસ સાચે જ દાદ માંગી લે તેવા હતાં, એમની તન્મયતા અજબ હતી.

તા.૧-૧૦-૦૩ને બુધવારે ગાંધીજયંતિ નિમિત્તે તાલીમના બાળકોએ પૂ.ગાંધીજીના જીવનપ્રસંગોની ઝાંખી કરાવી. બાળકોની અભિવ્યક્તિ ખૂબ સરસ હતી.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**રાખડી સ્પર્ધા** **તા.૧૬-૮-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | નમ્રતા શુક્લ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | પંક્તિ લાડ | ( ધવલગિરિ ) |
| | વત્સલ સુરતવાલા | ( ધવલગિરિ ) |
| તૃતીય | પ્રાર્થના ચાલીસહજાર | ( ગંગોત્રી ) |

**મહેંદી સ્પર્ધા** **તા.૨૨-૭-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | રિધ્ધિ મહેતા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | નેન શાહ | ( રત્નદિપ ) |
| | ફોરમ પંડયા | ( રત્નદીપ ) |
| | વિધિ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | શિમોની શાહ | ( મેઘનાદ ) |

**પારણાં સ્પર્ધા** **તા.૨૨-૭-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | હર્નીશા પરીખ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | શિમોની શાહ | ( મેઘનાદ ) |
| | આનંદ પરીખ | ( મેઘનાદ ) |
| તૃતીય | રાહીલ જાની | ( મેઘનાદ ) |
| | હર્ષિલ છપ્પન | ( ધવલગિરિ ) |

**પંચાજીરી ( સ્વાદ ) તા.૨૨-૮-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | સાહિલ પટેલ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | કરન મોદી | ( ગંગોત્રી ) |
| તૃતીય | પંક્તિ પટેલ | ( મેઘનાદ ) |

**પંચાજીરી (ડેકોરેશન) તા.૨૨-૮-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | ભૂમિ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | શીલ ફોજદાર | ( રત્નદીપ ) |
| તૃતીય | પંક્તિ પટેલ | ( મેઘનાદ ) |
| | ક્રિશ્રા મહેતા | ( ધવલગિરિ ) |

**ગણપતિ સ્પર્ધા** **તા.૨-૯-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | મિરાજ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | રીચા પાઘડાર | ( મેઘનાદ ) |
| તૃતીય | રાહીલ જાની | ( રત્નદીપ ) |
| | પૃથ્વી પટેલ | ( ધવલગિરિ ) |

**નંદાવ્રત સાથિયા સ્પર્ધા** **તા.૨-૯-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | નિશિ સાબુગોળા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | શિમોની શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | અનેરી શાહ | ( મેઘનાદ ) |
| | પરીશા દલાલ | ( રત્નદીપ ) |
| | મિલોની શાહ | ( ગંગોત્રી ) |

**આરતી સ્પર્ધા** **તા.૧-૧૦-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | પરીશા દલાલ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | પલક મહેતા | ( મેઘનાદ ) |
| | કરણ તેરૈયા | ( રત્નદીપ ) |
| તૃતીય | માનુષી જોશી | ( ગંગોત્રી ) |
| | મિનોલી શાહ | ( ગંગોત્રી ) |
| | મિરાજ શાહ | ( ધવલગિરિ ) |

તા.૨૨-૮-૦૩નાં રોજ મહાવીરજન્મ વાંચન દિન નિમિત્તે ધોરણ ૧ થી ૪ અને ધોરણ ૫ થી ૭ માટે શ્રી સુરેન્દ્રભાઈ શાહનાં સ્તવનોનો કાર્યક્રમ યોજાયો.

તા.૫-૯-૦૩નાં રોજ શિક્ષકદિન નિમિત્તે મુ. શ્રી દિનુભાઈએ સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વિષે પ્રેરક પ્રવચન આપ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ 'ગુરુર્દેવો ભવ 'ની ભાવના શબ્દોમાં વ્યક્ત કરી અને સૌ શિક્ષકોને ભાવપૂર્વક ગુલાબ અર્પણ કર્યાં.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**વકતૃત્વ સ્પર્ધા** **તા.૧૬-૭-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | ભૂમિ ત્રિવેદી | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | જયાયસી દેસાઈ | ( ગીતગોવિંદ ) |
| | કક્ષા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | રીષ્મા શાહ | ( મેઘદૂત ) |
| | રાજદીપ દેસાઈ | ( મેઘદૂત ) |
| | ઉર્જિત જોષી | ( મેઘદૂત ) |

નિર્ણાયક તરીકે ભુતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની અને વાલી બેન દિપાલી શાહે સેવા આપી.

**પારણાં સ્પર્ધા** **તા.૨૬-૮-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | સહજ પરીખ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | શીખા પટેલ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | અકુલ મોદી | ( મેઘદૂત ) |
| | શ્રુતિ શાહ | ( પદ્મપુકુર ) |

**તોરણ સ્પર્ધા** **તા.૭-૧૦-૦૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | રચિતા શાહ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | રાજદીપ દેસાઈ | ( મેઘદૂત ) |
| | પક્ષ્મન દવે | ( પદ્મપુકુર) |
| તૃતીય | કરીશ્મા મહેતા | ( પદ્મપુકુર ) |
| | ઈશા સોની | ( ગીતગોવિંદ ) |
| | બિમલ પટેલ | ( પદ્મપુકુર ) |

તા.૨૬-૮-૦૩નાં રોજ ધોરણ ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. વિષય હતો 'આતંકવાદે રાષ્ટ્રની કરોડરજ્જુ ભાંગી નાંખી છે '

પ્રથમ ચિનાર શાહ
દ્વિતીય પૂજા દલાલ
તૃતીય સ્તુતિ શાહ

શ્રી મનુભાઈ અને શ્રી કેતનભાઈએ નિર્ણાયક તરીકે સેવા આપી.

દર્પણ એકેડમી તરફથી તા.૧૦-૯-૦૩નાં રોજ 'કોમી એકતા' માટે નાનકડી નાટિકા રજૂ કરવામાં આવી.

ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ પાર્થ અધ્યારુએ 'કાઝા'ની સ્લાઈડ શોનું નિદર્શન કર્યું અને તે અંગેની નિબંધ સ્પર્ધા યોજી જેમાં આશિની પટેલે પ્રથમ સ્થાન મેળવ્યું.

તા.૧૧-૮-૦૩નાં રોજ ધોરણ ૧૧,૧૨નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ રક્ષાબંધનનો કાર્યક્રમ ખૂબ ભાવવાહી રીતે ઉજવ્યો. મુખ્ય અતિથિ તરીકે શ્રી હિલ્પનભાઈ શાહ પધાર્યા. વિદ્યાર્થીઓએ ભાઈબહેનના નિર્મળ સ્નેહનાં પ્રતીકરૂપ ગીતો રજૂ કર્યા.

તા.૨૬-૮-૦૩નાં રોજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઈપ્સિત ત્રિવેદી, દિપન, શાલિન વિગેરેએ સોસાયટી ફોર એન્વાયરમેન્ટ પ્રોટેકશનના ઉપક્રમે એક બોધપ્રદ નાટિકા રજૂ કરી.

તા.૮-૧૦-૦૩નાં રોજ એકલવ્ય ફાઉન્ડેશન તરફથી એવોર્ડ આપવાનો કાર્યક્રમ યોજાયો જેમાં એકલવ્ય ટીચર્સ ટ્રેનીંગ કૉલેજના પ્રિન્સીપાલ શ્રી શૈલેન્દ્રભાઈ તથા પ્રી પ્રાયમરીનાં પ્રિન્સીપાલ શ્રી નિલિમાબેન શાહ ઉપસ્થિત રહ્યા. શાળા તરફથી અપાતાં ઈનામોનું વિતરણ પણ આ જ કાર્યક્રમમાં થયું અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચેસમાં ઝળહળતી સિધ્ધિ મેળવી ચૂકેલ ચિ.અનૂરી શાહ અને ચિ.નમ્ર પંડયાને પણ બિરદાવવામાં આવ્યા.

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર સિધ્ધિ મેળવી છે. સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| લલિતકલા પરિષદ | હર્ષિલ છપ્પન | વન્ડર કીડ સર્ટીફીકેટ |
| વન્ડર આર્ટ વર્લ્ડ | હર્ષિલ છપ્પન | મેરિટ એવોર્ડ સર્ટીફીકેટ |
| યંગ ઈંડીયન્સ | જાનકી શાહ | આશ્વાસન સર્ટીફીકેટ |
| ક્ષિતિજ આર્ટ સોસાયટી | જાનકી શાહ | રૌપ્ય ચંદ્રક |
| અંજુમન આર્ટ એસોસીયેશન | નૈશલ મોદી | રૌપ્ય ચંદ્રક |
| યુનિયન બેંક ઓફ ઈંડીયા કાર્ટૂન પ્રતિયોગિતા | નીવા શાહ | આશ્વાસન ઈનામ |
| | **ચેસ** | |
| અબુધાબી ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટીવલ u-12 | સ્વપ્નીલ શાહ | સાતમું સ્થાન રૂ.૨૫૦૦ /- ઈનામ |
| open કેટેગરી | સ્વપ્નીલ શાહ | આઠમો નંબર |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન | મીશા શાહ | ૪ થું સ્થાન |
| | વરુણ રાવળ | ત્રીજું સ્થાન |
| | **કરાટે** | |
| અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ | અભિ શાહ | ગ્રીન -II બેલ્ટ |
| પ્રથમ ગુજરાત રાજ્ય આંતર શાળાકીય ટેકવેન્ડો ચેમ્પીયનશીપ | આશ્કા પરીખ | દ્વિતીય |
| | નિર્મિત પરીખ | દ્વિતીય |
| | **નિબંધ** | |
| નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન | ઉર્જિત જોશી | દ્વિતીય ઈનામ |
| | કિર્તન ટંકશાળી | આશ્વાસન ઈનામ |
| અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા | વિધિ ત્રિવેદી ધો.૫ | પ્રથમ |
| | અભિષેક ભટ્ટ | દ્વિતીય |
| | પૌરિન શાહ | તૃતીય |
| | અંશિની ભટ્ટ ધો.૬ | પ્રથમ |
| | ખુશ્બુ શાહ | દ્વિતીય |
| | ભૂમિ શાહ ધો.૭ | તૃતીય |
| | કોમલ તલાટી ધો.૮ | દ્વિતીય |
| | દેવસ્ય જાની | તૃતીય |
| | **વકતૃત્વ** | |
| બી.ડીઆર્ટસ્ કોલેજ શ્રી એસ.આર.ભટ્ટ વિજયપદ્મ | ચિનાર શાહ | પ્રથમ સુવર્ણચંદ્રક |
| | **ક્વીઝ** | |
| આકાશવાણી આંતર શાળાકીય સ્પર્ધા | નીવા શાહ | પ્રથમ રાઉન્ડ પ્રથમ |
| | કક્ષા શાહ | |
| | વત્સલ જાની | |
| | **મહેંદી** | |
| અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા | નીવા શાહ | પ્રથમ |
| | નિધિ શાહ | દ્વિતીય |

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ નીરવ રાજાસૂબા ચેસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આજે ભારે નામના મેળવી રહ્યાં છે.જેમાંની મુખ્યત્વે નીચે મુજબ છે.

'સબજૂનીયર' તથા 'જૂનીયર' સ્ટેટ ચેમ્પીયનશીપો મેળવી ભાઈ નીરવે શાળાનું ગૌરવ વધાર્યું. ૧૯૮૪માં ચેસ સુપરસ્ટાર 'વિશ્વનાથ આનંદ' સાથે મૈત્રી મુલાકાત,'નહેરુકપ'તથા'કામા' સ્ટેટ લેવલ ટ્રોફીઓ મેળવી,૧૯૯૦થી ૨૦૦૦ દરમ્યાન ત્રણ વખત 'ગુજરાત માસ્ટર' બન્યાં,૧૯૯૩માં ભારતના યુથ ટીમનાં કેપ્ટન તરીકે બ્રાઝીલ ખાતે સફળ નેતૃત્વ કર્યું,૧૯૯૫માં ઓસ્ટ્રીયા તથા સ્વીટ્ઝરલેન્ડ ખાતે એકમાત્ર 'એશીયન' ખેલાડી તરીકે યુરોપીયન ઓપનમાં ગ્રાન્ડમાસ્ટરોને હરાવ્યાં,જેક્સ એન્ડ લેમન્સ ઓપન સ્પર્ધામાં છઠ્ઠું સ્થાન મેળવ્યું. ૧૯૯૭માં રાજય સરકારે તેમને 'જયદિપસિંહજી બારૈયા'એવોર્ડથી નવાજ્યા.

તેઓને ભવિષ્યમાં વધુ સફળતા મળે તેવી શુભેચ્છા.

## શ્રધ્ધાંજલિ

તા.૨૮-૭-૦૩નાં રોજ પ્રાથમિક વિભાગનાં સંનિષ્ઠ શિક્ષીકા શ્રી જયશ્રીબેન રાવળનાં અકાળ અવસાન બદલ તેમજ તા.૩-૧૦-૦૩નાં રોજ બાલમંદિરમાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર શ્રી લાભુબેન સોઢાનાં અવસાનની નોંધ લેતાં સંસ્થા દુ:ખની લાગણી અનુભવે છે. ઈશ્વર સદ્ગતના આત્માને પરમશાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir1924@hotmail.com